# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-04-2026 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી અંગે કલેક્ટરની બેઠક:

કચ્છ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ની જાહેરાત સાથે જ આદર્શ આચારસંહિતા અમલી બની છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર આનંદ પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં ચૂંટણી પ્રક્રિયાને મુક્ત, ન્યાયી અને પારદર્શક બનાવવા માટે વહીવટી તંત્રને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

બેઠકમાં ખાસ કરીને EVM વ્યવસ્થાપન, ઉમેદવારી પત્રોની ચકાસણી, કાયદો અને વ્યવસ્થા, તેમજ ખર્ચ મોનિટરિંગ જેવા મહત્વના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ તમામ વિભાગો વચ્ચે સુચારુ સંકલન અને આચારસંહિતાના ચુસ્ત પાલન પર ભાર મૂક્યો હતો. વધુમાં, SVEEP અંતર્ગત મતદાતા જાગૃતિ અને ફરિયાદ નિવારણ વ્યવસ્થાને મજબૂત કરવા પણ જણાવાયું હતું. આ બેઠકમાં RO, ARO અને નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેમને પાયાના સ્તરની કામગીરી માટે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

---------------------------------------------------------------------------------------------

## આચાર સંહિતનાની કડક અમલવારી:

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની જાહેરાત સાથે જ કચ્છ જિલ્લામાં આદર્શ આચારસંહિતાના કડક અમલ માટે વહીવટી તંત્ર દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. છેલ્લા બે દિવસ દરમિયાન જિલ્લામાં જાહેર અને ખાનગી મિલકતો પરથી કુલ ૧,૬૯૯ અનધિકૃત પ્રચાર સામગ્રી દૂર કરવામાં આવી છે. જે અંતર્ગત જાહેર મિલકતો પરથી ૪૩૨ વોલ પેઈન્ટિંગ, ૪૮૭

પોસ્ટર, ૪૯૧ બેનર અને ૧૮૧ અન્ય સામગ્રી મળી કુલ ૧,૬૦૧ ચીજવસ્તુઓ હટાવવામાં આવી છે.

આ ઉપરાંત, ખાનગી મિલકતો પર લગાવવામાં આવેલા ૬૫ વોલ પેઈન્ટિંગ, ૨૨ પોસ્ટર, ૫ બેનર અને ૬ અન્ય સામગ્રી મળી કુલ ૯૮ પ્રચાર માધ્યમો પણ દૂર કરાયા છે. ૧ એપ્રિલ ૨૦૨૬થી લાગુ થયેલા આચારસંહિતાના જાહેરનામાના પાલન માટે ૧૦ નોડલ અધિકારીઓની નિમણૂક કરી ડિજિટલ મોનિટરિંગ અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. તંત્ર દ્વારા સ્પષ્ટ જણાવાયું છે કે કોઈપણ પ્રકારના ઉલ્લંઘન સામે તાત્કાલિક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

---------------------------------------------------------------------------------------------------------

## RTE પ્રવેશ:

ગુજરાતમાં રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ શૈક્ષણિક વર્ષ **2026-27** માટે પહેલા ધોરણમાં મફત પ્રવેશ માટેની ઓનલાઈન ફોર્મ ભરવાની પ્રક્રિયા આજથી શરૂ થઈ ગઈ છે. પ્રવેશ માટેના ફોર્મ ભરવાની છેલ્લી તારીખ **17** એપ્રિલ **2026** છે.

પ્રવેશ માટે સત્તાવાર વેબસાઈટ પરથી ઓનલાઈન અરજી કરી શકાશે. જે બાળકની ઉંમર પહેલી જૂન **2026** ના રોજ **6** વર્ષ પૂર્ણ થયેલ હોય તે જ પ્રવેશ મેળવી શકશે..પ્રવેશ માટે વાલીની વાર્ષિક આવક મર્યાદા **6** લાખ રૂપિયા સુધી નક્કી કરવામાં આવી છે.

બાળક અને વાલીનું આધારકાર્ડ, જન્મનો દાખલો, રહેઠાણનો પુરાવો, આવકનો દાખલો અને જાતિનું પ્રમાણપત્ર તૈયાર રાખવા વાલીઓને સૂચના આપવામાં આવી છે. આ વર્ષે રાજ્યભરમાં અંદાજે ૮૪,૦૦૦ થી વધુ બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે. વાલીઓને ખાસ સૂચના આપવામાં આવી છે કે કોઈપણ એજન્ટ કે લેભાગુ તત્વોના સંપર્કમાં ન આવવું, કારણ કે આ સમગ્ર પ્રક્રિયા ઓનલાઇન અને નિઃશુલ્ક છે. જેમાં આ વર્ષે અગ્રતાક્રમ મુજબ, અનાથ બાળક, સંભાળ-સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક, બાલગૃહના બાળકો, બાળમજૂર-સ્થાનાંતરીત મજૂરના બાળકો, મંદબુદ્ધિ-સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો-શારીરિક રીતે વિકલાંગ બાળકો, એન્ટિ-રેટ્રોવાયરલ થેરેપી સારવાર લેતા બાળકો, શહીદ થયેલ લશ્કરી-પોલીસદળના જવાનોના બાળકો, માતા-પિતાને સંતાનમાં એક જ દીકરી હોય તેવું બાળક, એસી-એસટી, એઈબીસી-જનરલ

સહિતના બીપીએલ કુટુંબના બાળકો, એસસી-એસટી કેટેગરીના બાળકો, એસઈબીસી-ઈડબલ્યુએસ-વિચરતી અને વિમુક્ત જાતિના બાળકો, રાજ્ય સરકારની આંગણવાડીના બાળકો અને સામાન્ય કેટેગરી (બિનઅનામત)ના બાળકોનો સમાવેશ થાય છે.

-----------------------------------------------------------------------------------------------

## ભરૂડિયામાં મેળો:

ભરૂડિયા નજીક આવેલ પ્રસિદ્ધ એકલ માતાજીના મંદિરે વાગડની સંસ્કૃતિને ઉજાગર કરતો લોકમેળો પરંપરાગત રીતે ઉજવાયો હતો. આ મેળામાં કલાકારોએ લોકસાહિત્ય અને રાસની રમઝટ બોલાવી હતી., આ પ્રસંગે ગૌસેવા અર્થે ઘોર સ્વરૂપે માતબર રકમ એકત્ર કરવામાં આવી હતી.

એકલધામના મહંત યોગી દેવનાથ બાપુના સાનિધ્યમાં વિવિધ પંથકના સંતો-મહંતો અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

-----------------------------------------------------------------------------------------------

## સાયબર સેલની કામગીરી:

પશ્ચિમ કચ્છ સાયબર સેલે 'તેરા તુજકો અર્પણ' સૂત્રને સાર્થક કરતા, માર્ચ મહિનામાં ઓનલાઇન છેતરપીંડીનો ભોગ બનેલા ૩૦ અરજદારોના રૂ. ૨૫.૧૭ લાખ પરત અપાવ્યા છે. લોન, જોબ અને શોપિંગ ફ્રોડનો ભોગ બનેલા લોકોએ ૧૯૩૦ હેલ્પલાઇન પર ફરિયાદ નોંધાવી હતી.

એલસીબી અને સાયબર સેલના પીએસઆઈના માર્ગદર્શન હેઠળ ત્વરિત કાર્યવાહી કરી નાણાં ફ્રીઝ કરાવવામાં આવ્યા હતા. ત્યારબાદ કોર્ટ ઓર્ડર મેળવી આ રકમ અરજદારોના ખાતામાં પરત જમા કરાવાઈ હતી.

-----------------------------------------------------------------------------------------------

# હાજીપીર મેળો:

**કોમી એકતાના પ્રતિક સોદ્રાણાના શહેનશાહ હાજીપીર બાબાનો ઉર્ષ મુબારક મેળો 11મી એપ્રિલથી 13 એપ્રિલ સુધી યોજાશે. મેળામાં અનેક શ્રધ્ધાળુઓ વાહનો મારફતે અને પદયાત્રા કરી હાજીપીર પહોંચશે. માર્ગમાં અનેક સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પનું આયોજન કરવામાં આવશે. મેળાને લઇને તંત્ર અને સમિતિ દ્વારા વિશેષ તૈયારીઓ હાથ ધરાશે.**

**---------------------------------------------------------------------------------------------------**